નવી બાબત વર્ષ ૨૦૨૫-૨૬ અન્વયે નવ રચિત “વાવ–થરાદ” જિલ્લા ખાતે સમાજ સુરક્ષા ખાતા પ્રભાગ નવી જગ્યાઓ ઉભી કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: **SJED/NIR/e-file/17/2025/3014/CHH Section**
સચિવાલય, ગાંધીનગર
તા: ***e-sign*** મુજબ

<u>વંચાણે લીધા</u>:-

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા કચેરીનો તા.૧૯/૧૨/૨૦૨૫નો પત્ર ક્રમાંક: સસુખા/મકમ/નવી બાબત/૬૯૬

<u>આમુખ</u>:

સરકારશ્રી દ્વારા બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરી નવીન “વાવ-થરાદ” જિલ્લાની રચના કરવામાં આવેલ છે જે તા.૦૨/૧૦/૨૦૨૫ના રોજથી કાર્યાન્વિત થયેલ છે. સમાજ સુરક્ષા પ્રભાગ દ્વારા બાળ કલ્યાણ, વૃધ્ધ કલ્યાણ અને દિવ્યાંગ કલ્યાણ માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓનો અમલ કરવામાં આવે છે. જેમાં સમાજનાં નબળા વર્ગો જેવા કે, અનાથ, નિરાધાર, કાયદા સાથે સંઘર્ષમાં આવેલ બાળકો તેમજ ગુન્હાવૃત્તિ તરફ વળેલ યુવાન અને શારીરિક, માનસિક ક્ષતિવાળા બાળકો અને પુખ્તવયની વ્યક્તિઓ તથા વૃધ્ધો, દિવ્યાંગ કલ્યાણ, ટ્રાન્સજેન્ડર કલ્યાણ અને ભિક્ષુકોનાં કલ્યાણ તથા પુનઃવસવાટની કામગીરી કરવામાં આવે છે તેમજ જુદા જુદા સામાજિક અધિનિયમોનો અમલ કરવામાં આવે છે. આ કામગીરી કરવા માટે જિલ્લા કક્ષાએ જિલ્લા સમાજ સુરક્ષા કચેરીની રચના કરવામાં આવેલ છે. ઉક્ત કામગીરી હેતુસર સદર જિલ્લામાં મહેકમ ઉભુ કરવાની નવી બાબતને નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં સમાવવા વંચાણે લીધેલ ક્રમ (૧) પરના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી. ચાલુ નાણાકીય વર્ષની સદર નવી બાબતને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ</u>:-

સક્ષમ કક્ષાએ થયેલ પુખ્ત વિચારણાને અંતે, “વાવ – થરાદ” જિલ્લા ખાતે નીચે મુજબની **બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી (વર્ગ-૨)ની એક** નિયમિત પગારધોરણની જગ્યા ઉભી કરવા તથા **જિલ્લા બાળ સુરક્ષા અધિકારીની એક** જગ્યાની ૧૧ માસ કરાર આધારિત સેવા મેળવવા માટે રૂ. ૦.૦૩/- કરોડની નવી બાબતની જોગવાઈને વર્ષ ૨૦૨૫-૨૬ના સુધારેલ અંદાજમાં જોગવાઇ કરાવી લેવાની શરતે વર્ષ ૨૦૨૫-૨૬ની નવી બાબત તરીકે નિર્દિષ્ટ શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| જગ્યાનું નામ | જગ્યાઓને પ્રકાર | જગ્યાની સંખ્યા | રકમ રૂ. કરોડમાં |
|---|---|---|---|
| બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી (વર્ગ-૨) | નિયમિત જગ્યા | ૦૧ | ૦.૦૨ |
| જિલ્લા બાળ સુરક્ષા અધિકારી | ૧૧ માસ કરાર આધારિત | ૦૧ | ૦.૦૧ |
| કુલ | | ૦૨ | ૦.૦૩ |

<u>શરતો</u>:

<u>(૧) સામાન્ય શરતો:</u>

1. વિભાગને ફાળવેલ બજેટ સિલીંગની મર્યાદામાં સમાવવાની રહેશે.

2. જિલ્લા બાળ સુરક્ષા અધિકારીની ૧૧ માસ કરાર આધારિત સેવાઓ મેળવતાં પૂર્વે મહેનતાણા બાબતે નાણા વિભાગનો પરામર્શ કર્યા બાદ જ ઉક્ત કરાર આધારિત સેવા મેળવવાની રહેશે.

**<u>(૨) નવી જગ્યા ઊભી કરવા અંગેની શરતો</u>**

ભરતી અંગેની સામાન્ય શરતો

1. આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.
2. સીધી ભરતીના ફાળાની જગ્યાઓ વહીવટી મંજૂરી મળ્યેથી છ માસમાં સીધી ભરતીથી ભરવા અંગે સા.વ.વિ./નાણા વિભાગ મારફત સ્થાયી સમિતિની મંજૂરી મેળવી ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.
3. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.
4. આ જગ્યાઓ પર નિમણૂક પારદર્શક પસંદગી પ્રક્રિયા હાથ ધરીને કરવાની રહેશે.
5. કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.
6. રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરવામાં આવેલ ભાષાકીય-ખાતાકીય પરીક્ષાઓ નિયત તકમાં પાસ કરવાની રહેશે.

પગાર અને નવી વર્ધીત પેન્શન યોજના

1. જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની રહેશે.
2. વર્ગ-૩ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬થી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.
3. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણા વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંકઃ નપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦(પા.ફા.)ની જોગવાઈ પ્રમાણે રાજય સરકાર દ્વારા તા.૧/૪/૨૦૦૫થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

જગ્યાઓ ની મુદત અને સેવાઓ અંગે

1. આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજુ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.
2. સીધી ભરતી/બઢતીના ફાળાની નવી ઊભી થયેલ જગ્યાઓની સેવાઓ કરાર આધારિત/આઉટ સોર્સથી લેવાની જરૂરિયાતના સંજોગોમાં અચૂક નાણા વિભાગ(કરકસર પ્રભાગ)ની પૂર્વ મંજૂરી મેળવી લેવાની રહેશે.

નાણાકિય ઔચિત્ય

1. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
2. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
3. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
4. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરેન્ડર કરવાની રહેશે.

5. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
6. સદર વહીવટી મંજૂરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

**(૩) આઉટસોર્સથી સેવાઓ લેવા અંગેની શરતો**

a. આઉટ સોર્સથી સેવા વહીવટી મંજૂરી મુજબના સમયગાળા પુરતી જ મેળવવાની રહેશે. તેનાથી વધુ સમય માટે આ સેવા પૂર્વ મંજૂરી સિવાય મંજુરીની અપેક્ષાએ કે પશ્ચાતવર્તી અસરથી મંજૂરી મેળવવાની અપેક્ષાએ કોઇપણ સંજોગોમાં ચાલુ રાખી શકાશે નહી.
b. આઉટ સોર્સથી સેવા લેવા અંગેની વહીવટી મંજૂરી મળ્યા બાદ નિયત માન્ય આઉટસોર્સીંગ એજન્સી મારફત લેવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.
c. આઉટ સોર્સની જગ્યાઓની સેવાઓ માન્ય એજન્સી મારફત ૧૧ માસ માટે લેવાની રહેશે. સેવાઓની મુદત પૂર્ણ થયેથી તાત્કાલિક અસરથી સેવાઓ સમાપ્ત કરવાની રહેશે. ત્યાર બાદ જરૂર જણાયે નાણા વિભાગની પૂર્વ મંજૂરી મેળવ્યા બાદ નિયત કાર્ય પદ્ધતિને અનુસરીને નવેસરથી સેવાઓ મેળવવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.
d. વર્ગ-૪ની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.૧/૪/૨૦૧૦ના ઠરાવની જોગવાઈ મુજબ મંજૂર થયેલ બજેટ જોગવાઈની મર્યાદામાં આઉટસોર્સીંગથી કરાવવાની રહેશે.
e. વિભાગે રાજ્ય સરકારની પ્રવર્તમાન આઉટ્સોર્સની નીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. લઘુત્તમ વેતન ધારા, ઇપીએફ, ટીડીએસ, સર્વીસ ટેક્ષ, GST, સર્વિસ ચાર્જ અન્ય ચુકવણા અને કપાત સહિત લાગુ પડતા અધિનિયમો/કાયદાઓની જોગવાઇ મુજબ કાર્યવાહી હાથ ધરી સેવાઓ મેળવવાની રહેશે. વેતન અને સેવાઓ અંગે કોઇ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે જોવાની જવાબદારી નિયામકશ્રી, સુઅમાજ સુરક્ષાની રહેશે.
f. એજન્સી દ્વારા નિયમિત મહેનતાણુ નિયત થયા મુજબ પુરેપુરુ ચુકવે તે અંગે સંબંધિત નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ યોગ્ય મોનીટરિંગ વ્યવસ્થા ગોઠવવાની રહેશે. તેમજ એજન્સી આ બાબતે ક્ષતિ કરે તો તેના પર યોગ્ય પગલા લેવાની જવાબદારી નિયામકશ્રી, સમાજ સુરક્ષાની રહેશે.
g. મહેનતાણાના દરો કેન્દ્રીય યોજના હેઠળ નિયત થયેલ હોય કે સેવા સંબંધિત વિભાગના પરામર્શમાં નિયત કરી તેના આધારો સાથે નાણા વિભાગની પૂર્વ મંજૂરી મેળવી ચુકવવાના રહેશે. તેમજ નાણા વિભાગની પૂર્વ મંજૂરી સિવાય મહેનતાણાના દરોમાં કોઇ વધારો કરવાનો રહેશે નહી.
h. આઉટ સોર્સથી સેવા મેળવવાની હોય તો તેના માટે નિયમિત જગ્યા અંગેની કોઈ શરતો લાગુ પડશે નહિ.
i. આઉટ સોર્સ જો કોઈ કેન્દ્ર સહાયિત યોજના હેઠળ લેવાની થતી હોય તો તે અંગેનો ખર્ચ જે તે યોજના હેઠળ મેળવીને જ કરવાનો રહેશે. રાજ્ય સરકારના ફંડમાંથી ખર્ચ ઉધારવાનો રહેશે નહિ.
j. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
k. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
l. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
m. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
n. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરેન્ડર કરવાની રહેશે.
o. સદર વહીવટી મંજૂરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

**આ અંગેનો ખર્ચ નીચેના બજેટ સદરે આકરવાનો રહેશે.**

૧) બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીનો ખર્ચ નીચેના બજેટ સદરે આકરવાનું રહેશે.

| | | |
|---|---|---|
| માંગણીનંબર | ૯૨ | |
| મુખ્યસદર | ૨૨૩૫ | સામાજિક સુરક્ષા અને કલ્યાણ |
| પેટામુખ્યસદર | ૦૨ | સમાજ કલ્યાણ |

| | | |
|---|---|---|
| ગૌણસદર | ૦૦૧ | નિર્દેશ અને વહિવટ |
| પેટાસદર | ૦૧-SSW-૦૦૧ | નિર્દેશ અને વહિવટ |

૨) જિલ્લા બાળ સુરક્ષા અધિકારી (૧૧ માસ કરાર આધારિત)નો ખર્ચ નીચેના બજેટ સદરે આકરવાનું રહેશે.

૧. ૯૨:૨૨૩૫ : ૦૨ : ૧૦૨ : ૦૯ (૬૦% કેન્દ્ર શેર)

૨. ૯૨:૨૨૩૫ : ૦૨ : ૧૦૨ : ૧૦ (૪૦% રાજ્ય શેર)

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જીગર પટેલ)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>નકલ સવિનય રવાના: (જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે)</u>

- માન. મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક સચિવશ્રી (પ્રોટોકોલ), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તરફ સદર નવી બાબત વિભાગની બજેટ શાખાના પરામર્શમાં નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના સુધારેલ અંદાજપત્રમાં સમાવી લેવા અંગેની આગામી કાર્યવાહી કરવા સારૂ....
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર /- સદરહુ ઠરાવને વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ...
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૫

Signature Not Verified

Signed by:Jigar Patel
Section Officer
Date:2026.01.01
15:15:19 +5:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign